Date:- 15-09-2024
Divya Bhaskar, Page-01, Surat

દર 55 મિનિટે મેટ્રો મળશે, પેસેન્જરો વધતા સમયમાં ઘટાડો કરાશે

# સોમવારથી લોકો માટે મોટેરાથી ગાંધીનગરની મેટ્રો સેવા શરૂ થશે




બીજા ફેઝ માટેની મેટ્રો સેવાને વડાપ્રધાન મોદી લીલીઝંડી આપશે તથા તેઓ ટૂંકો પ્રવાસ પણ કરશે.

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મોટેરાથી ગાંધીનગર સેક્ટર-1 સુધી મેટ્રો ફેઝ-2નું 16મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 20.8 કિલોમીટર લંબાઈના કોરિડોરની સાથે 8 સ્ટેશનોનું લોકાર્પણ થશે. આ 20.8 કિમી લાંબા પ્રોજેક્ટની કિંમત 3284 કરોડ રૂપિયા જેટલી થાય છે. જેમાં મોટેરાથી સેક્ટર-1 તેમજ જીએનએલયુથી ગિફ્ટ સિટીનો રૂટ સામેલ છે. લોકાર્પણ બાદ 17મીથી આ રૂટ લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે. જેમાં શરૂઆતમાં પેસેન્જરોને દર 55 મિનિટે મેટ્રો મળશે. જ્યારે પેસેન્જરોની સંખ્યા વધવાની સાથે મેટ્રોના સમયમાં ઘટાડો કરવામાં આવશે તેમ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું.

## મેટ્રો સ્ટેશનની વિશેષતા

- સ્ટેશને રેમ્પ, લિફ્ટ, દિવ્યાંગો માટે વિશેષ વ્યવસ્થા
- દરેક સ્ટેશનની લંબાઈ 140 મીટર, પહોળાઈ - 20.5 મીટર, ઉંચાઈ 20થી 25 મીટર તેમજ સ્ટેશન બિલ્ટઅપ એરિયા 5340 ચોરસ મીટર છે.
- દરેક સ્ટેશનની બન્ને બાજુએ એન્ટ્રી અને એક્ઝિટ ગેટની સાથે 4 લિફ્ટ અને 4 એસ્કેલેટરની સુવિધા મળશે.
- સ્ટેશનના પહેલા માળે કોન્કોર્સ એરિયામાં ટિકિટ બુકિંગ ઓફિસ, ટોયલેટ, પાણી, કંટ્રોલરૂમ તેમજ બીજા માળે પ્લેટફોર્મથી મેટ્રો મળશે.
- દરેક સ્ટેશન પર પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમની સુવિધા.